सा विद्या या विमुक्तये

ગુજરાત વિદ્યાપીઠ

અમદાવાદ




नदीमुखेनैव समुद्रमाविशेत्

અંક:03 | 2026

માર્ચ(ફાગણ)

# સાંકળિયું

1. **નિબંધ સમીક્ષા: "Why I Am an Atheist" – ભગત સિંહ** 4
-કાર્તિક સુતરિયા

2. **અર્થતંત્ર, વિશ્વ મહિલા દિવસ અને ભારતીય નારી** 6
-ધારા વઘાડીયા

3. **દાંડીકૂચ અને ગૂજરાત વિદ્યાપીઠ** 11
-ડૉ. મુંજાલ ભીમડાદકર

4. **પ્રવૃત્તિ દર્પણ** 14
- શ્રી અદ્વૈતા દવે
    - વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ
    - પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર
    - ઉત્સવો અને તહેવારોની ઉજવણી
    - અન્ય પ્રવૃત્તિઓ
    - વિવિધ વિભાગો દ્વારા આયોજિત સેમિનાર અને કાર્યશાળાઓ
    - કૌશલ્યથી કારકિર્દી તરફ
    - પ્રવાસ: એક પાઠશાળા
    - પ્રવેશ પર્વ

5. **આગામી કાર્યક્રમો** 23

**તંત્રી**
ડૉ. હર્ષદ પટેલ

**પ્રકાશક**
ડૉ. હિમાંશુ પટેલ

**મુખ્ય સંપાદક**
ડૉ. ધ્વનિલ પારેખ

**સંપાદન મંડળ**
ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે

**ગ્રાફિક ડિઝાઇન**
ઈશિતા પારેખ

**ફોટોગ્રાફ્સ**
ધ્રુવ દવે

# સંપાદકીય લેખ

**ડૉ. ધ્વનિલ પારેખ**
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ


આમ તો ફેબ્રુઆરી મહિનાના અંત ભાગથી જ ગરમીનો પ્રકોપ અનુભવાવા લાગ્યો છે અને મે આવતા તો એ ચરમસીમાએ પહોંચશે. પ્રકૃતિ સાથે આપણે જે વ્યવહાર કર્યો છે એના ફળ આપણે બહુ જલદી ભોગવી રહ્યાં છે. આ બધાની વચ્ચે વિદ્યાપીઠ સતત પ્રવૃત્તિમય રહે છે એ આનંદની વાત છે. ગૂજરાત વિદ્યાપીઠના ઉર્જાવાન કુલપતિના માર્ગદર્શનમાં સતત પ્રવૃત્તિઓ ચાલતી રહે છે. માર્ચ મહિનામાં અનેક પ્રકારના વિવિધ પરિસંવાદોનું આયોજન થયું, જ્ઞાનની ક્ષિતિજો એમ જ વિસ્તરતી રહે છે. જ્ઞાનના નવાં આયામો એમ જ ખુલતા રહે છે. ભારતીય જ્ઞાન પરંપરા વિશે આસપાસના પરિપ્રેક્ષ્યમાં સતત વાતો થતી રહે છે અને હવે એ શિક્ષણનો એક મુખ્ય ભાગ બને છે, એ પણ એક આવકારદાયક બાબત છે.

પ્રવાસ એક એવી પ્રવૃત્તિ છે, જે સતત ઘડતર કરે છે. એમાં પણ ચોક્કસ હેતુસર પ્રવાસ કરવામાં આવે છે ત્યારે એનાં પરિણામો લાભદાયક મળે છે. ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગો દ્વારા શૈક્ષણિક પ્રવાસોનું આયોજન થયું અને વિદ્યાર્થીઓએ ઐતિહાસિક અને શૈક્ષણિક સંસ્થાઓની, વ્યક્તિઓની મુલાકાત લઈને એમની સમજ વિસ્તારવાનું કામ કર્યું. આ પ્રવૃત્તિમાં જોડાનાર અધ્યાપકો અને શિક્ષકો અભિનંદનને પાત્ર છે.

ભગતસિંહ ભારતીય ઇતિહાસનું એક એવું પાત્ર છે, કે જેના વિશે સતત લખાતું રહે છે અને એ નામ ચર્ચાતું પણ રહે છે. ભગતસિંહના એક નિબંધ વિશે વિદ્યાર્થીએ પોતાના દૃષ્ટિકોણથી આલેખન કર્યું છે. મહિલા દિનનું મહત્ત્વ પણ ઓછું નથી. મહિલા દિનની જરૂરિયાત અને આજે એની કેટલી પ્રસ્તુતા છે એ વિશે બે લેખોમાં અહીં તલસ્પર્શી ચર્ચા કરવામાં આવી છે. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસનું એક મહત્ત્વનું પ્રકરણ દાંડીયાત્રા હતું. ગૂજરાત વિદ્યાપીઠની પણ એમાં મહત્ત્વની ભૂમિકા રહી હતી. એક લેખમાં એના વિશે પણ ચર્ચા કરવામાં આવી છે. આ અંકમાં પ્રવેશને લગતી વિગતો પણ આપી છે.

‘સાબરમતી’ હવે દર મહિને નિયમિત પ્રગટ કરવાની નેમ છે. આ કાર્યમાં સંપાદક મંડળનો પૂરતો સહયોગ મળે છે ત્યારે એ શક્ય બને છે. સાથેસાથે પ્રકાશન વિભાગની ટીમ પણ એના પૂરતા પ્રયત્નો કરે છે ત્યારે એક અંક સાકાર બને છે. અધ્યાપક મિત્રોને વિનંતી કે ‘સાબરમતી’ આપણું સામયિક છે. પ્રસંગોપાત તમે પણ એમાં કલમ ચલાવો એવી અપેક્ષા રહે છે. સાથેસાથે તમે તમારા વિદ્યાર્થીઓને પણ લખવા માટે પ્રેરણા આપશો એવી અભ્યર્થના છે. હા, ‘સાબરમતી’ વધુ સારું કેવી રીતે બની શકે એ માટેના સૂચનો પણ આવકાર્ય છે. તમારા પ્રતિભાવની પ્રતીક્ષા સાથે...

(નિબંધ સમીક્ષા)




- કાર્તિક સુતરિયા

ભારતના સ્વાતંત્ર્ય સંઘર્ષમાં ભગતસિંહનું નામ માત્ર એક ક્રાંતિકારી તરીકે જ નહીં, પરંતુ એક વિચારશીલ યુવાન તરીકે પણ યાદ કરવામાં આવે છે. તેમણે લખેલો નિબંધ “Why I Am an Atheist” (હું નાસ્તિક કેમ છું) માત્ર ધાર્મિક વિશ્વાસ સામેનો લેખ નથી, પરંતુ વિચારશક્તિ, તર્ક અને આત્મવિશ્વાસ અંગેનું પ્રેરણાદાયક લેખન છે. આ નિબંધ લખવાનું મુખ્ય કારણ એ હતું કે જયારે તેઓ જેલમાં હતા, ત્યારે કેટલાક લોકો કહેતા હતા કે તેઓ પોતાના અહંકારને કારણે ભગવાનમાં વિશ્વાસ નથી રાખતા. કેટલાક લોકો કયાંક એમ કહેતા કે, “ભગતસિંહ ભગવાનમાં નથી માનતા, તેથી તેઓ નાસ્તિક છે.” આ વાતનો જવાબ આપવા માટે તેમણે આ નિબંધ લખ્યો. તેમણે સ્પષ્ટ રીતે જણાવ્યું કે “મારો નાસ્તિક બનવાનો નિર્ણય અહંકાર કે ગર્વથી નથી, પરંતુ લાંબા વિચાર અને સમજણના આધારે આવ્યો છે.”

નિબંધમાં તેઓ પોતાનું બાળપણ યાદ કરે છે.

તેઓ પણ સામાન્ય લોકોની જેમ ભગવાનમાં વિશ્વાસ રાખતા હતા. તેઓ પ્રાર્થના કરતા, મંદિરમાં જતા અને માતા-પિતાની વાત માનતા હતા. પરંતુ જેમજેમ તેઓ મોટા થયા, તેમતેમ તેઓએ વિવિધ પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું અને વૈજ્ઞાનિક તથા તર્કસંગત રીતે દુનિયાને સમજવાનું શરૂ કર્યું. આ વાંચન અને વિચારક્રિયા દરમિયાન તેમને પ્રશ્નો ઊભા થયા, જેમ કે:

- “શું ભગવાનની કલ્પના વગર દુનિયાની સમજ શક્ય નથી?”
- “શું માણસની બુદ્ધિ અને મહેનત પર વિશ્વાસ ન હોવો જોઈએ?”
- “શું દશ્યમાં દેખાતા દુઃખ, અન્યાય અને અસમાનતા પર ભગવાનનો વિશ્વાસ રાખવો યોગ્ય છે?”

આ પ્રશ્નોના જવાબ શોધતા-શોધતા તેઓ ધીમેધીમે નાસ્તિક બન્યા. તેઓ સમજવા લાગ્યા કે વિશ્વમાં માનવ તર્ક, પ્રયત્ન અને કર્મ પર આધાર રાખીને જ સુધારો શક્ય છે, આંધળી ભક્તિ પર નહીં. નિબંધમાં કેટલીક વાતો આજના યુવાનો માટે ખૂબ પ્રેરણાદાયક છે. જેમ કે: "વિશ્વાસ ત્યારે જ સાચો બને છે જ્યારે તે વિચાર અને સમજણ પરથી ઊભો હોય." આનો અર્થ એ છે કે કોઈપણ વાત આંખ બંદ કરીને સ્વીકારવી નહીં, પરંતુ દરેક બાબતને સમજવા પ્રયત્ન કરવો જોઈએ. ઉદાહરણ તરીકે, જયારે તેમને ફાંસીની સજા મળી, ત્યારે ઘણા લોકો તેમને સલાહ આપતા કે હવે ભગવાનને યાદ કરો, પ્રાર્થના કરો. પરંતુ તેમણે પોતાના પ્રયત્ન અને મહેનત પર વિશ્વાસ રાખ્યો. તેમણે કહ્યું કે "મારી મહેનત અને પ્રયત્નો મારી સુરક્ષા કરશે. ભગવાનની આશા રાખવાથી હું સત્યનો સામનો કરી શકીશ નહીં." આ ઉદાહરણ તેમની હિંમત, આત્મવિશ્વાસ અને જવાબદારી દર્શાવે છે. આ ઉપરાંત, નિબંધમાં તેઓ દરેક માણસને પોતાનો માનસિક વિકાસ કરવા માટે પ્રેરણા આપે છે. તેઓ કહે છે કે, સમાજમાં ઘણા લોકો રિવાજો, પ્રથા અને જૂની માન્યતાઓને આંખ બંદ કરીને સ્વીકારી લે છે. તેઓ ઉદાહરણ આપે છે: "માણસે કોઈ વાત માત્ર મોટા લોકો કહે છે એટલે માનવી જોઈએ નહીં. જો આપણે વિચાર કરીએ, તો જ સાચું સત્ય સમજાશે."

તેમણે વૈજ્ઞાનિક ઉદાહરણ પણ આપ્યું છે. ભણતર દરમ્યાન ભલે પ્રાચીન પૃથ્વી ધર્મકથાઓમાં જણાવેલ ભગવાનની કલ્પના હતી, પરંતુ વૈજ્ઞાનિક સિદ્ધાંતો પરથી સમજી શકાય કે મનુષ્ય પોતાના બુદ્ધિ અને પ્રયત્ન દ્વારા જીવનની સમસ્યાઓ હલ કરી શકે છે. તેઓ કહે છે કે, અંધવિશ્વાસથી વધારે, તર્ક અને કર્મ પર વિશ્વાસ વધુ શક્તિશાળી છે. ભાષા ખૂબ સરળ અને સ્પષ્ટ છે. નિબંધમાં કોઈ જટિલ શબ્દો નથી. વાચકને એવું લાગે છે કે કોઈ મિત્ર પોતાના અનુભવ અને વિચારો ખૂબ ઈમાનદારીથી રજૂ કરે છે. ભલે તેઓ જેલમાં હતા, તેમ છતાં પોતાના અનુભવોને સાદી ભાષામાં વર્ણવી, વાચકને પોતાના વિચાર સાથે જોડે છે. નિબંધમાં માનવવાદી દૃષ્ટિકોણ પણ સ્પષ્ટ છે. ભગતસિંહ માનતા હતા કે માણસનું લક્ષ્ય માનવતાને ફાયદો પહોંચાડવો જોઈએ. સમાજમાં ન્યાય, સમાનતા અને સ્વતંત્રતા સ્થાપિત કરવી એ દરેક વ્યક્તિની જવાબદારી છે. ભગવાન પર વિશ્વાસ કરતાં, માનવતાનાં મૂલ્યો પર વિશ્વાસ વધારે મહત્ત્વનો છે. નિબંધમાં એક વધુ ઉદાહરણ છે, જ્યાં તેઓ કહે છે કે લોકો દુઃખ અને અન્યાયના કારણ તરીકે ભગવાનને ઠેરવે છે, પરંતુ જો આપણે અવલોકન કરીએ અને મુલવણી કરીએ તો સમજાય છે કે દુઃખ અને અન્યાય લોકોના પોતાના નિર્ણય, સામાજિક બંધારણ અને અન્યોના કર્મો પરથી થાય છે. આથી દરેક બાબતને વિચાર અને અનુભવો પરથી સમજવું જરૂરી છે.

અંતે કહી શકાય કે **"Why I Am an Atheist"** માત્ર નાસ્તિકતાની વાત કરતો નિબંધ નથી. તે આત્મવિશ્વાસ, તર્ક, વિચારશક્તિ અને સમાજ માટે જવાબદારી અંગેનું પ્રેરણાદાયક લેખન છે. ભગતસિંહના વિચારો આજના યુવાનો માટે પણ એટલા જ મહત્ત્વપૂર્ણ છે, જેટલા તેમના સમય દરમિયાન હતા.

આ નિબંધ આપણને શીખવે છે કે જીવનમાં પ્રશ્ન પૂછવો, વિચારવું અને સત્ય શોધવાનો પ્રયત્ન કરવો ખૂબ જ જરૂરી છે. ઉદાહરણ અને સરળ ભાષા સાથે, આ નિબંધ યુવાનો માટે પ્રેરણારૂપ છે અને સમાજને વધુ જાગૃત, જવાબદાર અને પ્રગતિશીલ બનાવવા માટે માર્ગદર્શક બની શકે છે.

# અર્થતંત્ર, વિશ્વ મહિલા દિવસ અને ભારતીય નારી

-ધારા વઘાડીયા

**8 માર્ચ, વિમેન્સ ડેની શરૂઆત તો ક્રાંતિકારી મહિલાઓએ પોતાના અધિકાર માટે કરી પણ આજે મારે સ્ત્રીઓને વાસ્તવિક રીતે સશક્ત કરતા આર્થિક ક્ષેત્રમાં ભાગીદારી સંદર્ભે કેટલીક બાબતો આપની સમક્ષ રજૂ કરવી છે.**

**આર્થિક ક્ષેત્રોમાં સ્ત્રીઓની ભાગીદારી કેમ મહત્ત્વની છે એ અંગે ઘણી પદ્ધતિઓ ભાર મૂકે છે જેમ કે અમર્ત્ય સેનના કેપેબ્લિટી એપ્રોચ અનુસાર વિકાસ એટલે લોકોની ક્ષમતાઓ અને સ્વતંત્રતાનો વિકાસ કરવો. આ સંદર્ભે મહિલાઓને આર્થિક સ્વતંત્રતા મળવાથી સમાજમાં તેની નિર્ણય ક્ષમતા અને સશક્તિકરણમાં વધારો થશે.**




માનવ મૂડીના સિદ્ધાંત અનુસાર શિક્ષણ અને કૌશલ્ય ઉત્પાદન ક્ષમતા વધારવામાં મહત્ત્વપૂર્ણ છે તેથી સ્ત્રીઓ જ્યારે આ ક્ષેત્રમાં જોડાય છે ત્યારે માનવ મૂડીનો સંપૂર્ણ ઉપયોગ શક્ય બને છે. માળખાકીય પરિવર્તનના સિદ્ધાંત અનુસાર આર્થિક વિકાસમાં શ્રમ શક્તિમા સ્ત્રીઓના જોડાવાથી આર્થિક આધુનિકીકરણ ઝડપી બને છે જનસાંખ્યક પરિવર્તન (ડેમોગ્રાફિક ટ્રાન્ઝિશન) સિદ્ધાંત અનુસાર મહિલાઓમાં શિક્ષણ અને રોજગાર વધે ત્યારે જન્મદરમાં ઘટાડો અને પરિવારના આરોગ્ય અને શિક્ષણનો સુધારો થાય છે. હાઉસહોલ્ડ barginning થિયરી અનુસાર પરિવારમાં આવક મેળવતી મહિલાઓને નિર્ણયશક્તિ વધુ મળે છે.

જે બાળકોના વિકાસ માટે ખૂબ પ્રોત્સાહક બની રહે છે. સમાવેશક વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે સમાજના બધા જ વર્ગો તેમાં જોડાયા હોય.મહિલાઓની ભાગીદારીના પરિણામો આવકની અસમાનતા ઘટે છે અને વિકાસ વધુ સમાવેશક અને ન્યાયસંગત બને છે. સામાજિક વિકાસની દૃષ્ટિએ સંશોધનો દર્શાવે છે કે આર્થિક પ્રવૃત્તિ કરતી મહિલાઓ બાળકોના શિક્ષણ આરોગ્ય અને પોષણ પર વિશેષ ખર્ચ કરે છે જે માનવ વિકાસમાં લાંબા ગાળાનો સુધારો લાવે છે. ટકાઉ વિકાસની દૃષ્ટિએ લક્ષ્યાંક 5 લિંગ સમાનતા અને લક્ષ્યાંક આઠ યોગ્ય કામ અને આર્થિક વૃદ્ધિ બંને પ્રાપ્ત કરવા માટે મહિલાઓની આર્થિક ભાગીદારી અત્યંત અનિવાર્ય છે.આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ) ના અભ્યાસ અનુસાર જો મહિલાઓ સમગ્ર રીતે આર્થિક પ્રવૃત્તિમાં ભાગીદાર થાય તો ઘણા દેશમાં જોવા મળ્યું છે કે જીડીપીમાં ૨૦ થી ૨૫ ટકા સુધી વધારો થઈ શકે છે. આમ વિભિન્ન સિદ્ધાંતો એ બાબતને તારવે છે કે આર્થિક પ્રવૃત્તિમાં સ્ત્રીઓની ભાગીદારી ન માત્ર આર્થિક પરંતુ સામાજિક દૃષ્ટિએ પણ સમાવેશક વિકાસ માટે અનિવાર્ય છે.

**વૈશ્વિક સ્તરે આર્થિક ક્ષેત્રે સ્ત્રીઓની ભાગીદારી:** આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન અને વિશ્વ બેંકની માહિતી અનુસાર કુલ શ્રમદળમાં પુરુષોની તુલનામાં સ્ત્રીઓની

ભાગીદારી વધી છે પરંતુ  આર્થિક ક્ષેત્રે સ્ત્રીઓની ભાગીદારી માટે હજુ લાંબી મજલ કાપવાની બાકી જણાય છે જે આલેખ પરથી જાણી શકાશે.





સ્રોત : I LOST AT Database

આમ કામ કરવા માટે સક્ષમ મહિલાઓ પૈકી માત્ર અડધી મહિલાઓ જ આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે.

વિશ્વના વિવિધ વિસ્તાર અનુસાર જોઈએ તો સબ સહારા આફ્રિકામાં સ્ત્રીઓની ભાગીદારી સૌથી વધુ 60 થી 65 ટકા, પૂર્વ એશિયા અને પેસિફિકમાં 60%, યુરોપ અને મધ્ય એશિયા 50 થી 55 ટકા, ઉત્તર અમેરિકા 55 થી 57 ટકા, લેટિન અમેરિકા 52 થી 55 ટકા, દક્ષિણ એશિયા 23 થી 28%, મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા 20 થી 22 ટકા, કુલ શ્રમદળમાં સ્ત્રીઓની ભાગીદારી છે. તે સંદર્ભ દેશો અનુસાર જોઈએ તો આઇસલેન્ડ, સ્વીડન અને નોર્વે સૌથી વધુ સ્ત્રી ભાગીદારી 60 થી 70% ધરાવે છે જ્યારે ભારત, પાકિસ્તાન અને સાઉદી અરેબિયા ઓછી ભાગીદારી ધરાવે છે. આર્થિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓની ભાગીદારીમાં સૌથી મહત્ત્વનું ઘટક એ છે કે વિશ્વમાં કામ કરતી મહિલાઓ પૈકી ૬૦ ટકા મહિલાઓ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે તેમાં પણ વિકાસશીલ દેશોમાં તેનો હિસ્સો 90% સુધી જોવા મળે છે.

વૈશ્વિક સ્તરે આર્થિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓની ભાગીદારીને અસર કરતાં અનેક પરિબળો છે તે પૈકી સૌથી મહત્ત્વના જોઈએ તો સાક્ષરતા અને કૌશલ્યના સ્તરનો તફાવત છે. તેમજ સાંસ્કૃતિક અને સામાજિક પરિબળો સ્ત્રીઓની આર્થિક પ્રવૃત્તિની ભાગીદારીને નિર્ધારિત કરવામાં મહત્ત્વના બની રહે છે સાક્ષરતામાં વધારો થવા છતાં આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગીદારીને માટે અવરોધક પરિબળો પૈકી બાળ ઉછેર માટેની જવાબદારી તેમજ તે અંગેની સહાયક સંસ્થાઓનો અભાવ આર્થિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓની ભાગીદારીને નોંધપાત્ર રીતે મર્યાદિત બનાવે છે. શહેરીકરણ સીધી રીતે આર્થિક પ્રવૃત્તિઓની વૃદ્ધિ અને તકમાં પણ વૃદ્ધિ સર્જે છે પરંતુ વિભક્ત કુટુંબોમાં બાળ ઉછેરની જવાબદારીના પરિણામે મહિલાઓની ભાગીદારી ઘટતી જોવા મળે છે તેમજ વર્તમાન સમયમાં જે સમસ્યાઓ સર્જાય છે તે પૈકી કામના સ્થળે સુરક્ષાની સમસ્યાના કારણે સ્થળાંતરની મર્યાદા પણ સ્ત્રીઓમાં વિશેષ જોવા મળે છે.

**વિશ્વ અને ભારતમાં સ્ત્રીઓની ભાગીદારી :**




સ્રોત : ILOSTAT Database




આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન અને વિશ્વ વિકાસ નિર્દેશકોના આધારે કુલ શ્રમદળમાં સ્ત્રીઓની ભાગીદારીને વિશ્વ, દક્ષિણ એશિયા અને ભારતની 1990 થી 2023 સુધીની માહિતી તપાસતા જણાય છે કે 23 વર્ષમાં વૈશ્વિક સ્તરે સ્ત્રીઓની ભાગીદારીમાં 2020 સુધી ઘટાડો નોંધાયો છે. ત્યારબાદ ત્રણેય સ્તરે સુધારો નોંધાયો છે જોકે ભારતીય અર્થતંત્ર માટે 2000 થી 2010 નો દશક અર્થતંત્રની વૃદ્ધિ માટે અને ગરીબી ઘટાડવામાં સૌથી મહત્ત્વનો દશક હોવા છતાં સ્ત્રીઓની ભાગીદારીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે જે દર્શાવે છે કે અર્થતંત્રની વૃદ્ધિ સ્ત્રીઓની ભાગીદારીને વધારે જ તેવું જરૂરી નથી. ઉપરાંત 2020ના દશકમાં ત્રણ સ્તરે સ્ત્રીઓની ભાગીદારી ઘટી છે જે દર્શાવે છે એ અર્થતંત્રને થતા નુકસાનની પહેલી અસર સ્ત્રી રોજગાર પર આવે છે ત્યારબાદના ત્રણ વર્ષ ત્રણ સ્તરે સ્ત્રીઓની ભાગીદારી વધી છે પરંતુ તેમ છતાં વિશ્વમાં કામ કરી શકે તેવી સ્ત્રીઓમાંથી માત્ર 50% જેટલી સ્ત્રીઓ જ આર્થિક ઉપાર્જન કરે છે. જ્યારે દક્ષિણ એશિયા અને ભારતની સ્થિતિ વૈશ્વિક સ્તર કરતાં નોંધપાત્ર રીતે ઓછી છે. ભારતમાં માત્ર 30 ટકા મહિલાઓ જ આર્થિક પ્રવૃત્તિઓમાં જોડાયેલી છે તેના કારણો શું છે તે બાબતને સમજવા અન્ય પરિબળો પણ તપાસવા જરૂરી છે.

સ્ત્રીઓની આર્થિક ભાગીદારીમાં અલ્પતાનાં મુખ્ય કારણો ઉપર મુજબ સમજી શકાય. સૌપ્રથમ સ્ત્રીઓની ભાગીદારીના સ્વરૂપને પણ સમજવું પડે. આર્થિક પ્રવૃત્તિ કરતી સ્ત્રીઓ પૈકી 85.9% સ્ત્રીઓ અસંગઠિત ક્ષેત્રમાં રોજગાર મેળવે છે જે મોટાભાગે તકના અભાવનું પરિણામ છે. શહેરી સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ 85% જેટલું છે જ્યારે તેમાંથી આર્થિક ઉપાર્જન કરતી સ્ત્રીઓનું પ્રમાણ માત્ર 28% છે જ્યારે ગ્રામીણ ક્ષેત્રે રોજગાર મેળવતી સ્ત્રીઓનું પ્રમાણ 47% ની આસપાસ છે પરંતુ તે અસંગઠિત કૃષિ ક્ષેત્રમાં રોજગાર મેળવે છે. ભારતમાં આ સંદર્ભે યુ આકારનો સંબંધ જોવા મળે છે. નીચું શિક્ષણ ઊંચી ભાગીદારી મધ્યમ શિક્ષણ અલ્પ ભાગીદારી અને ઉચ્ચ શિક્ષણ વધુ ભાગીદારી પરંતુ સામાન્ય રીતે મધ્યમ શિક્ષણ મેળવતી વસ્તી વધુ છે તેના માટે યોગ્ય રોજગારની તકો ઉપલબ્ધ નથી, આમ શિક્ષણ અને રોજગાર વચ્ચે  વિસંવાદિતા જોવા મળે છે.

સ્વાસ્થ્ય સંદર્ભે ભારતીય સ્ત્રીઓમાં નેશનલ ફેમિલી હેલ્થ સર્વે પાંચ અનુસાર 15 થી 49 વર્ષની સ્ત્રીઓમાં 57% સ્ત્રીઓ એનિમિક છે. 18% સ્ત્રીઓ આવશ્યકતા કરતા ઓછું વજન ધરાવે છે જ્યારે 24% ઓબેસિટી ધરાવે છે. ઉપરોક્ત તમામ લક્ષણો કાર્યક્ષમતામાં ઘટાડો લાવે છે, ઉપરાંત ભારતીય સ્ત્રીઓ ચુકવણી વિહીન ગૃહકાર્ય માટે સરેરાશ પાંચ થી છ કલાક આપે છે જે તેની શ્રમિક તરીકેની કાર્યક્ષમતાને ઘટાડે છે ઉપરાંત માતૃત્વ સ્વાસ્થ્યની જવાબદારી તેને શ્રમ બજારમાંથી ઘણા અંશે બહાર કરી દે છે તેમજ કામની બેવડી જવાબદારી બંને ક્ષેત્રે કાર્યક્ષમતામાં ઘટાડો લાવે છે,આ બાબત ગ્રામીણ વિસ્તારોમાં વધુ સઘન છે.

કૌશલ્ય સંદર્ભે NSSO નેશનલ સેમ્પલ સર્વે અનુસાર ભારતમાં વ્યાવસાયિક તાલીમ મેળવતી સ્ત્રીઓનું પ્રમાણ ત્રણથી ચાર ટકા છે જ્યારે કોઈપણ તાલીમ મેળવતી સ્ત્રીઓનું પ્રમાણ 15 થી 18 ટકા છે આમ વ્યાવસાયિક ક્ષેત્ર તાલીમમાં સ્ત્રીઓની ભાગીદારી જ ખૂબ ઓછી છે. ક્ષેત્ર અનુસાર સૌથી વધુ સ્ત્રીઓ કૃષિ ક્ષેત્રમાં રોજગાર મેળવે છે જ્યાં કૌશલ્યની કોઈ આવશ્યકતા નથી. ઔદ્યોગિક ક્ષેત્રમાં કે જે ન્યૂનતમ કૌશલ્યની આવશ્યકતા છે તેવાં ક્ષેત્રો જેમ કે ગારમેન્ટ સેક્ટર વગેરેમાં સ્ત્રીઓને રોજગાર મળે છે જ્યારે સેવા ક્ષેત્ર કે જ્યાં કૌશલ્યની વિશેષ આવશ્યકતા છે તેવાં ક્ષેત્રોમાં અત્યંત મર્યાદિત સ્ત્રીઓ રોજગાર મેળવે છે. કેમકે, આ ક્ષેત્રમાં રોજગાર પણ મર્યાદિત છે આમ ઉચ્ચવેતન ધરાવતાં ક્ષેત્રોમાં કૌશલ્યના અભાવે અત્યંત મર્યાદિત પ્રમાણમાં સ્ત્રીઓની ભાગીદારી છે.

ભારતીય સામાજિક માળખું પિતૃપ્રધાન સમાજ વ્યવસ્થાનું છે જ્યાં ઘર ગૃહસ્થી ચલાવવાની જવાબદારી આજે પણ મોટાભાગે મહિલાઓની ગણવામાં આવે છે. પરિણામે ગૃહસ્થી પ્રાથમિકતા હોવાથી શિક્ષિત સ્ત્રીઓ પણ આર્થિક ઉપાર્જનમાં જોડાતી નથી.

બીજું મહત્ત્વનું પરિબળ મર્યાદિત સ્થળાંતર છે. આજે ઉચ્ચશિક્ષણ મેળવતી સ્ત્રીઓ રોજગાર માટે સારી તક ધરાવતાં ક્ષેત્રોમાં વિસ્તારોમાં સ્થળાંતર કરી શકતી નથી પરિણામે તેની કારકિર્દી મર્યાદિત બની રહે છે.

સમાન કામ સમાન વેતન ધારો સ્ત્રીઓ માટે વધુ અસમાન છે. આઈ એલ ઓ અને વર્લ્ડ બેન્ક બંનેની માહિતી અનુસાર ભારતમાં મહિલાઓ પુરુષોની તુલનામાં 25 થી 30 ટકા ઓછું વેતન ધરાવે છે. રોજગારના પ્રકાર અનુસાર આ તફાવત જુદોજુદો છે. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટ એન્ડ પ્રોગ્રામ ઈમ્પલિમેન્ટેશન પી એલ એફ એસ અનુસાર નિયમિત વેતન ધરાવતી સ્ત્રીઓ પુરુષોની તુલનામાં 24 થી 25 ટકા ઓછું વેતન મેળવે છે. શ્રમિક તરીકે કામ કરતી મહિલાઓ પુરુષોની તુલનામાં 28 થી 30 ટકા ઓછું વેતન મેળવે છે. સ્વરોજગાર કરતી સ્ત્રીઓ પુરુષોની તુલનામાં 60% ઓછું વેતન મેળવે છે. ગ્રામીણ વિસ્તારમાં વેતનનો તફાવત 25 થી 30 ટકા છે જ્યારે શહેરમાં આ તફાવત ૨૦ થી ૨૫ ટકાનો છે રાજ્ય અનુસાર જોઈએ તો બિહાર ઉત્તરપ્રદેશ

અને રાજસ્થાનમાં વેતન તફાવત સૌથી વધુ છે જ્યારે કેરલ અને તામિલનાડુમાં વેતન તફાવત સૌથી ઓછો છે.

સુરક્ષા સમયની સાથે વધતી સમસ્યા બની રહી છે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો 2023 નો અહેવાલ દર્શાવે છે કે સ્ત્રીઓની સામે થતા ગુનાનું પ્રમાણ વરસે 4.5 લાખ છે એટલે કે દરરોજ 1200 થી વધુ ઘટનાઓ ઘટે છે અને દર કલાકે 50 એફઆઇઆર થાય છે. આ તો માત્ર ફરિયાદ સુધી પહોંચતા આંકડા છે હજુ જે ફરિયાદ પોલીસ સ્ટેશન સુધી પહોંચતી નથી તેની સંખ્યા આ આંકડા કરતાં ઘણી વધુ છે. સુરક્ષા એ માત્ર કાયદાકીય સમસ્યા નથી પરંતુ સામાજિક આર્થિક માળખાકીય સમસ્યા છે જે સમગ્ર સમાજની સ્ત્રીઓની વિવિધ ભાગીદારીને મર્યાદિત બનાવતી બાબત છે.

ભારતમાં બાળકોની સંભાળ માટેના માળખાનો ખૂબ મોટો પ્રશ્ન છે. કેમકે, ભારતમાં આંગણવાડી સૌથી વધુ ઉપયોગમાં લેવાયેલું માળખું છે. પરંતુ તે માત્ર દિવસના કેટલાક કલાક પૂરતું જ સીમિત છે. ઉપરાંત તે કામ કરતી મહિલાઓ માટે ચોક્કસ કલાકો સુધી બાળકોની સંભાળ માટે નથી. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કામ કરવા ઇચ્છતી મહિલાઓના બાળકોની કાળજી લેનાર વિશ્વાસપાત્ર સંસ્થાઓ ઉપલબ્ધ નથી. પહેલા કારણે સૌથી વધુ મહિલા ભાગીદારી અસર પામે છે. શહેરી વિસ્તારોમાં આવી કેટલીક સંસ્થાઓ કાર્યરત થઈ છે પરંતુ તે ખાનગી ધોરણે ચાલતી હોવાથી તેનો ખર્ચ અત્યંત ઊંચો છે. પરિણામે મધ્યમ પ્રકારના રોજગાર માટે આવક કરતા આ ખર્ચનું પ્રમાણ ઊંચું જાય છે આવા કિસ્સાઓમાં આ સંસ્થાઓ કામ કરવા ઇચ્છુક દરેક મહિલા માટે ઉપયોગી બનતા નથી. પરિણામે સ્ત્રીઓની ભાગીદારી મર્યાદિત જ રહે છે એ ચાહે કૌશલ્યવાન હોય, શિક્ષિત હોય ઉચ્ચ કૌશલ્ય ધરાવતી હોય ટેકનિકલ જ્ઞાન ધરાવતી હોય પણ પોતાના બાળકના ઉછેર માટે તે કોઈ પણ પ્રકારના બાંધછોડ કરવા તૈયાર નથી અને આમ શિક્ષિત મહિલા બેરોજગાર ચુકવણી વિહીન ગૃહસ્થીમાં પ્રવૃત્ત બની જાય છે.


## સંદર્ભ :


**Government of India Sources**

- National Crime Records Bureau. (2023). Crime in India 2023. Ministry of Home Affairs, Government of India.
- Ministry of Statistics and Programme Implementation. (2024). Periodic Labour Force Survey (PLFS) Annual Report 2023–24. Government of India.
- National Sample Survey Office. (Various years). Education and skill development in India. Ministry of Statistics and Programme Implementation.
- Ministry of Health and Family Welfare India. (2021). National Family Health Survey (NFHS-5), 2019–21. Government of India.
- Government of India. (2023). UDISE+ Report on School Education. Ministry of Education.
- Sample Registration System. (Latest available year). Statistical Report. Office of the Registrar General of India.
- Office of the Registrar General and Census Commissioner of India. (2011). Census of India 2011. Government of India.
- International Labour Organization. (Various years). Global Wage Report. Geneva: ILO.
- International Labour Organization. (2024). ILOSTAT Labour Force Participation Database.
- World Bank. (2024). Gender Data Portal. World Bank Group.
- UNESCO. (2023). Global Education Monitoring Report.
- World Health Organization. (2023). World Health Statistics 2023. WHO.

# દાંડીકૂચ અને ગૂજરાત વિદ્યાપીઠ

ડૉ. મુંજાલ ભીમડાદકર



**પ્રસ્તાવના**

ભારતવર્ષના સ્વાતંત્ર્ય સંગ્રામની ગૌરવપૂર્ણ ગાથામાં ૧૨મી માર્ચ ૧૯૩૦નો દિવસ એક ઐતિહાસિક ઘટનાની તવારીખ બની રહ્યો છે. આ દિવસે મહાત્મા ગાંધીજીએ દાંડીકૂચનો પ્રારંભ કર્યો હતો. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં દાંડીકૂચનું આગવું અને યશસ્વી સ્થાન છે. મહાદેવભાઈ દેસાઈ દાંડીકૂચને “મહાભિનિષ્કમણ” તરીકે ઓળખાવે છે. તો ગાંધીજીએ તેને "પવિત્ર યાત્રા" તરીકે ઓળખાવી હતી. વિશ્વભરમાં જે સ્વાતંત્ર્ય સંગ્રામો ખેલાયા હતા તે મોટે ભાગે હિંસક હતા.પરંતુ સ્વાતંત્ર્ય સેનાની જાતે દુઃખ ભોગવે, લાઠી ખાય, જેલ ભોગવે, ગોળી ખાય, પોતાની મિલકતો ફના કરે એ રીતનો મુક્તિસંગ્રામ મહાત્મા ગાંધીજીની રાહબરી હેઠળ થયો. આખી દુનિયા વિસ્મયતા અને કુતુહલતાથી તેને નિહાળી રહી. સત્ય અને અહિંસાના માર્ગે દેશના વધુને વધુ લોકો જોડાઈ શકે તે માટે ગાંધીજીએ મીઠા સત્યાગ્રહ પસંદ કર્યો હતો. દાંડીકૂચને અહિંસક સત્યાગ્રહનાં પ્રયોગ તરીકે ઓળખવામાં આવે છે. બ્રિટીશ સરકાર દ્વારા મીઠા પર લગાવવામાં આવેલ કર નાબુદ કરવા માટે ગાંધીજીએ અહિંસક રીતે દાંડીકૂચ ૧૨મી માર્ચ, ૧૯૩૦ ના રોજ કરી હતી.

દાંડીકૂચની લડતમાં પૂજ્ય મહાત્માં ગાંધી દ્વારા ૧૮મી ઓક્ટોબર ૧૯૨૦ના રોજ સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠનું પ્રદાન અનેરું રહેલું છે. ગૂજરાત વિદ્યાપીઠનો એક મુખ્ય ધ્યેય, "સ્વરાજની પ્રાપ્તિ સારુ ચાલતી પ્રવૃત્તિઓને અર્થે ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું હતું.” આ ધ્યેય સાથે ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો. વિદ્યાર્થીઓએ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઘણું યોગદાન આપ્યું છે.

**દાંડીકૂચ:**

ઇ.સ. ૧૯૨૯માં લાહોર મુકામે મળેલ કોગ્રેસનાં અધિવેશનમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર કરવામાં આવ્યો અને તેની જવાબદારી ગાંધીજીને સોંપવામાં આવી. આ ઉપરાંત સત્ય અને અહિંસામાં પૂર્ણ શ્રદ્ધા ધરાવનાર ગાંધીજીના સાથીદારોને સરકાર સામે સવિનય કાનૂનભંગ આંદોલન શરૂ કરવાનું કહેવામાં આવ્યું. મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહના સાધન તરીકે મીઠાંની પસંદગી કરી. ૧૨ માર્ચ ૧૯૩૦ના દિવસે સાબરમતી આશ્રમથી કૂચ કરી દાંડી પહોંચી મીઠું પકવીને નમકના કાયદાનો ભંગ કરશે એમ જાહેર કરવામાં આવ્યું. ગાંધીજીએ મીઠાંની પસંદગી કેમ કરી? કારણ કે, મીઠું એ દરેક માણસની રોજિંદા વપરાશની આવશ્યક વસ્તુ હતી અને છે. બ્રિટિશ સરકારની નીતિને કારણે મીઠું મોંઘુ બન્યું હતું. અઢી આના (પંદર નવા પૈસા) મણ મળી શકે તે મીઠું બધાએ સવા રૂપિયે લેવું પડતું હતું.

ભારતમાં મીઠું પકવવાનો કાયદેસર રીતે કોઈને અધિકાર ન હતો. ગરીબમાં ગરીબ હિંદીના જીવનને આ પ્રશ્ન સ્પર્શતો હતો તેથી હિન્દુસ્તાનની આમજનતાએ લડતનું સંપૂર્ણ હૃદયથી સ્વાગત

કરી એમાં ઝંપલાવ્યું. દાંડીયાત્રા દ્વારા ગાંધીજીને લોકશક્તિ જાગૃત કરવી હતી. દરિયાનું પાણી કુદરતી બક્ષિસ હોવા છતાં પ્રજાને મીઠાથી વંચિત રહેવું પડતું હતું. એ અધિકાર મેળવવા માટેની આ લડત હતી. આ ઉપરાંત બ્રિટન જેવી એક જબરજસ્ત સલ્તનતની તાકાતનો સામનો કરવાનો અને રાષ્ટ્રને પૂર્ણ સ્વરાજને પંથે લઇ જઈ અહિંસાની તમામ તાકાતથી એની સામે ઝઝુમવાનો આ એક અખતરો હતો.

કૂચ માટે સ્થળની પસંદગી કરવા મહાદેવભાઈ, કલ્યાણજીભાઈ જેવા કાર્યકરોએ સમુદ્ર તટોની મુલાકાત લીધી અને અંતે સૌની નજર દાંડી પર સ્થિર થઇ. લડતની પૂર્વ તૈયારી રૂપે સાબરમતી આશ્રમથી દાંડી સુધીનો માર્ગ પણ નિશ્ચિત કરાયો. તેમજ ક્યા-ક્યા સ્થળોએ થઈને દાંડી પહોચવું, ક્યાં-ક્યાં વિશ્રામ રાખવો એ નક્કી કરી દાંડીકૂચના માર્ગનો નકશો તૈયાર કરવામાં આવ્યો હતો. મહાત્મા ગાંધીજીએ દાંડીકૂચનાં પોતાના સાથીઓની પસંદગી કરી લીધી હતી. તેમણે આ લડતમાં કોઈપણ મહિલાને સામેલ થવાની પરવાનગી આપી ન હતી કારણ કે, સરકારની દમનનીતિ અસહ્ય પણ બની શકે. સરકાર આવી નીતિ બહેનો સામે વાપરતા અચકાય તેમજ પુરુષ સત્યાગ્રહીઓની બહેનો ઢાલ ન બની જાય તે ભાવનાથી ગાંધીજીએ બહેનોને દાંડીકૂચમાં સામેલ કરી ન હતી.

દાંડીકૂચના 79 સત્યાગ્રહીઓ આશ્રમવાસી હતા જોકે પાછળથી તેમાં બે સત્યાગ્રહીઓ ( શંકર દત્તાત્રેય કાલેલકર અને સરદાર ખડગ બહાદુર) ઉમેરાતા કુલ સત્યાગ્રહીઓની સંખ્યા 81 થઈ હતી. 16 વર્ષથી લઈને 61 વર્ષના સત્યાગ્રહીઓની પસંદગી કરવામાં આવી હતી. જે દેશના 16 પ્રાંતોનું પ્રતિનિધિત્વ કરતી હતી. વિચાર, વાણી અને વર્તનથી જે સત્ય અને અહિંસાના પૂજારી હોય તેવા અને સાબરમતી આશ્રમની કડક શિસ્તથી પરિચિત હોય તેવા જ સેવકોને દાંડીકૂચના સૈનિકો તરીકે લીધા હતા. 12 મી માર્ચ 1930 ના પાવન દિવસે બ્રિટિશ સલ્તનત સામેની આખરી પડકાર કરતી દાંડીકૂચનો પ્રારંભ થયો. સાબરમતી આશ્રમથી દાંડી આશરે 388 કી.મી (241માઈલ) ની યાત્રા 24 દિવસમાં પૂરી કરવાની હતી.

છઠ્ઠી એપ્રિલે ગાંધીજીએ સવારે 6:30 વાગે મીઠું ઉપાડીને મીઠાના કાયદાનો સવિનય ભંગ કર્યો અને સાથે જ ‘મૈને નમક કા કાયદા તોડ દિયા’ના ગગનભેદી નાદથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. અને તેમણે કહ્યું કે આજથી હું બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં લૂણો લગાડું છું. ગાંધીજીએ સરકારી કાયદાનો છડેચોક ભંગ કર્યો. જેની નોંધ સમગ્ર વિશ્વએ લીધી આ કૂચનો પ્રભાવ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પડ્યો.

**ગૂજરાત વિદ્યાપીઠનું દાંડીકૂચમાં પ્રદાન :**

ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું યોગદાન દાંડીકૂચમાં ઘણું બધું રહેલું છે. વિદ્યાપીઠ સ્વરાજ માટે સર્જાઈ હતી અને સ્વરાજ માટે જ કામ કરતી હતી એ વાક્યમાં વિદ્યાપીઠના કામનો નિચોડ આવી જાય છે. સ્વરાજની લડત વિદ્યાપીઠના લોહીમાં વણાયેલી હતી. ઈ.સ. ૧૯૩૦ની લડત જુદા પ્રકારની હતી. એટલે તે વખતે તો બીજું કામ અટકાવીને શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમાં જોડાયા હતા. ગાંધીજીએ પોતાની ઐતિહાસિક દાંડીકૂચ શરૂ કરી તે પહેલા પૂર્વ તૈયારી માટે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની દસ દસની બે ટૂકડીઓ બનાવી હતી. જેનું નામ ‘અરુણ ટૂકડી’ રાખવામાં આવ્યું હતું.

દાંડીકૂચની શરૂઆત જ ગૂજરાત વિદ્યાપીઠના સંગીતના અધ્યાપક નારાયણ મોરેશ્વર ખરેના પદ.."શૂર સંગ્રામકો દેખ ભાગે નહી, દેખ ભાગે સોઈ શૂર નહી.” થી કરવામાં આવી હતી. બરાબર સવારે 6:20 કલાકે કૂચનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સાબરમતી આશ્રમથી કૂચ ગૂજરાત વિદ્યાપીઠ પહોંચી. ગાંધીજી અહીં થોભ્યા અને શ્રી નરહરિ પરીખના પત્ની મણિબહેને ગાંધીજીને કુમકુમતિલક કર્યું. એક નાનકડી બાલિકાએ સુતરની આંટીથી સ્વાગત કર્યું અને કૂચ આગળ વધી.

**અરુણ ટુકડી:**

દાંડીકૂચની લડત અંગેની જરૂરી પૂર્વ તૈયારીમાં એક મહત્ત્વનું અંગ 'અરુણ ટૂકડી' હતી. લડતમાં જોડાવા થનગનતા હોવા છતાં તેમાં સમાવેશ ન થઇ શક્યો હોય તેવા ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની અરુણ ટૂકડી બની હતી. ગુલામ રસૂલ કુરેશી અરુણ ટુકડીના આગેવાન હતા. અરુણ ટુકડીએ મુખ્યત્વે બે કામો કરવાનાં હતાં.

(૧) દાંડીયાત્રા જે ગામે પહોચે તે પહેલા તેમણે ત્યાં પહોચી જઈને યાત્રીઓના ઉતારા,ભોજન, સફાઈ વગેરે સુવિધાઓનું આયોજન કરવું.

દાંડીકૂચને અનુરૂપ વાતાવરણનું સર્જન કરવું, કૂચની વ્યવસ્થા ગોઠવવામાં સહભાગી બનવું.

(૨) યાત્રાના માર્ગમાં આવતાં ગામોનો સરવે તપાસ કરવી. જેમાં મુખ્યત્વે નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

1. ગામની વસ્તી
2. રેંટિયાની સંખ્યા
3. ખાદીનું વેચાણ
4. ખાદીધારીઓની સંખ્યા
5. ગામનાં જમીન મહેસુલ અને તેનો દર
6. ગૌચરનો વિસ્તાર
7. ગામમાં વ્યસનનું પ્રમાણ
8. અસ્પૃશ્યો માટે શિક્ષણ તથા અન્ય સુવિધાઓ

આમ, અરુણ ટૂકડી દ્વારા એકઠી કરવામાં આવેલી માહિતી ગાંધીજીને યાત્રા દરમિયાન રોજિંદા પ્રવચનમાં ખૂબ ઉપયોગી નીવડી હતી. આ ઉપરાંત દાંડીકૂચ દરમિયાન આસપાસના પ્રદેશમાં જાગૃતિ લાવવા સારુ વિદ્યાપીઠના અધ્યાપકો અને વિદ્યાર્થીઓની છ ટૂકડીઓ ગુજરાતના જુદા-જુદા જિલ્લાઓમાં ફેલાઈ હતી.

દાંડીકૂચની લડતમાં વિદ્યાપીઠના અન્ય અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ લડતમાં જોડાયા ન હતાં તેમ છતાં તેમની સેવા પણ ઓછી ન હતી. તેઓ ખાદીકામ અને બીજાં અન્ય કામ વ્યવસ્થિત અને સંગઠિત કરવાનાં કામમાં રોકાયેલા હતાં. ધરાસણાની લડતમાં પણ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને જેલ પણ ભોગવી હતી. ઈ.સ. ૧૯૩૧માં વિદ્યાપીઠના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગામડામાં જઈને રચનાત્મક કામો કરતાં. અને વિદ્યાપીઠમાં 'સ્વરાજ વિદ્યાલય'ના વર્ગો ચલાવવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૩૨માં વિદ્યાપીઠને સરકારે જપ્તીમાં લીધી એટલે ફરી વખત બધા સ્વાતંત્ર્ય લડતમાં જોડાયા હતા.

**સમાપનઃ**

દાંડીકૂચની લડતમાં ગૂજરાત વિદ્યાપીઠનો અનન્ય ફાળો રહ્યો અને ગુજરાતના જાહેરજીવનના દરેક અંગમાં પોતાનું ખમીર બતાવ્યું. આજે ગુજરાત અને ગુજરાત બહાર પ્રજાસેવાના દરેક ક્ષેત્રમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ કાર્યરત છે. વિદ્યાપીઠનો પ્રત્યક્ષ શિક્ષણનો પ્રયોગ પ્રજા ઘડતરમાં ઉપયોગી રહ્યો છે. ઈ. સ. ૧૯૩૬માં ગાંધીજીએ ગુજરાતી સાહિત્ય પરિષદમાં જાહેર કર્યું હતું તે મુજબ 'વિદ્યાપીઠ ભૂતકાળમાં થઇ, વર્તમાનમાં ચાલે છે અને ભવિષ્યમાં ચાલવાની છે. વિદ્યાપીઠમાં રૂપાંતર થયા છે અને થયા કરશે.' આમ, 'સા વિદ્યા યા વિમુક્તયે' પોતાના ધ્યેય મંત્રને વફાદાર રહીને પ્રજાની સર્વાંગી મુક્તિ સાધવાના કાર્યમાં ફાળો આપ્યો છે અને ભવિષ્યમાં પણ આપતી રહેશે.



# પ્રવૃત્તિ • દર્પણ

-શ્રી અદ્વૈતા દવે

## વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ



### રાષ્ટ્રશિલ્પી સરદાર પટેલને યુવા પ્રતિભાની અંજલિ (10/03/2026)

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ગૂજરાત કુમાર વિનય મંદિરના વિદ્યાર્થી શ્રી શ્રવણ સુવસિયાએ પોતાની મૌલિક કલાશક્તિનું પ્રદર્શન કર્યું હતું. સ્વહસ્તે તૈયાર કરેલ સરદાર સાહેબનું સુંદર ચિત્ર માનનીય કુલપતિશ્રીને ભેટ સ્વરૂપે અર્પણ કરી પોતાની ભાવાંજલિ રજૂ કરી હતી. યુવા વિદ્યાર્થીની આ સર્જનાત્મકતાને ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર દ્વારા બિરદાવવામાં આવી હતી.

### આંતરરાષ્ટ્રીય મહિલા સપ્તાહની ભવ્ય ઉજવણી (13/03/2026)

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠના ‘વુમન ડેવલપમેન્ટ સેલ’ દ્વારા મહિલા સપ્તાહ અંતર્ગત વિવિધ બૌદ્ધિક સ્પર્ધાઓનું આયોજન થયું હતું. ‘આધુનિક યુગમાં નારી સશક્તિકરણ’, ‘ડિજિટલ યુગ અને મહિલા સુરક્ષા’ તથા ‘સોશિયલ મીડિયા’ જેવા પ્રસ્તુત વિષયો પર નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ નારીશક્તિના વિવિધ પાસાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. અભિવ્યક્તિના માધ્યમથી મહિલા સશક્તિકરણના સંકલ્પને વેગ આપવામાં આવ્યો હતો.

### રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં વિદ્યાપીઠનું ગૌરવ(14/03/2026)

ચેન્નાઈની સત્યભામા સાયન્સ એન્ડ ટેક યુનિવર્સિટી ખાતે આયોજિત ‘AIU રાષ્ટ્રીય યુવા મહોત્સવ ૨૦૨૬’ માં અંગ્રેજી વિભાગના શ્રી પરીક્ષિત મુકેશભાઈ જોગીએ હિન્દી વક્તૃત્વ સ્પર્ધામાં સમગ્ર દેશમાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની આ નોંધપાત્ર સિદ્ધિ બદલ વિદ્યાપીઠ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.



### રાષ્ટ્રીય એકતા શિબિરમાં સ્વયંસેવકોની ઉત્કૃષ્ટ સિદ્ધિ (10-16/03/2026)

પશ્ચિમ બંગાળની નેઓતિયા યુનિવર્સિટી ખાતે સંપન્ન થયેલ ‘રાષ્ટ્રીય એકતા શિબિર’ (NIC-2026) માં ગૂજરાત વિદ્યાપીઠના 8 NSS સ્વયંસેવકોએ પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. રંગોળી, પોસ્ટર મેકિંગ, વક્તૃત્વ અને ‘બીટ ધ બોલ’ જેવી વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ટીમ દ્વારા યુનિવર્સિટીની વિશિષ્ટ ઓળખ ઊભી કરવામાં આવી હતી. માર્ગદર્શિકા ડૉ. રુચિતા શાહ અને તમામ વિજેતા વિદ્યાર્થીઓને આ સફળતા બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.




### વિશ્વ સમાજકાર્ય દિવસની ઉજવણી અને શિષ્યવૃત્તિ વિતરણ (17/03/2026)

સમાજકાર્ય અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા “વિશ્વ સમાજકાર્ય દિવસ”ની ઉજવણી કરવામાં આવી. આ અવસરે “ગૂજરાત વિદ્યાપીઠ સમાજકાર્ય સંગઠન” દ્વારા ડૉ. દયાલ શિષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમ યોજાયો, જેમાં બે વિદ્યાર્થિનીઓને રૂ. 10,000/-ની શિષ્યવૃત્તિ અર્પણ કરવામાં આવી. કાર્યક્રમમાં સંગઠનના પ્રમુખ વીરચંદભાઈ પટેલ સહિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ અને અધિકાર આયોગના ચેરપર્સન શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જર હાજર રહ્યાં હતાં. કાર્યક્રમના અંતે સ્વયંપાક અને સહભોજન દ્વારા પૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ વચ્ચે અર્થપૂર્ણ સંવાદ સર્જાયો.



## આચાર્ય કૃપલાણીજીને સ્મરણાંજલિ (19/03/2026)



ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિશ્રી અને પ્રખર સ્વાતંત્ર્ય સેનાની આચાર્ય કૃપલાણીજીની પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ તથા કૃપલાણી ભવનના સેવકો અને ભૂલકાઓએ પુષ્પાંજલિ અર્પિત કરીને તેમના આદર્શોને યાદ કર્યા.

## વકતૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓની નોંધપાત્ર સિદ્ધિ (20/03/2026)



ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી પરીક્ષિત મેઘના મુકેશ અને રાજ વાઢેરે એલ.ડી. આર્ટ્સ કોલેજ ખાતે યોજાયેલી 'મહાદેવભાઈ દેસાઈ વકતૃત્વ સ્પર્ધા'માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. 'સાંપ્રત યુવાધન' વિષય પર તેમની પ્રભાવશાળી રજૂઆત દ્વારા તેમણે દ્વિતીય ક્રમાંક સાથે 6 કિલો ચાંદીની 'કર્ણિક હઠીસિંહ વિજય પદ્મ ટ્રોફી' મેળવી, જે સંસ્થાના ગૌરવમાં વધારો કરે છે.

## રાષ્ટ્રીય સ્તરે કલા પ્રતિભાનું ગૌરવ (19/03/2026)



ભારત સરકારના જનજાતીય કાર્ય મંત્રાલય દ્વારા નવી દિલ્હીમાં આયોજિત 'રાષ્ટ્રીય જનજાતિ કલા પ્રદર્શન 2026'માં ગૂજરાત વિદ્યાપીઠના કલામંદિરના વિદ્યાર્થી આનંદભાઈ મોહનભાઈ વૈજાનો તેમની ઉત્તમ ચિત્રકલા માટે પસંદગી થવી ગૌરવની બાબત છે. સમગ્ર ગુજરાતમાંથી પસંદ થયેલા માત્ર બે વિદ્યાર્થીઓમાં તેમનો સમાવેશ થવો સંસ્થા માટે અત્યંત ગૌરવની બાબત છે.

# પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે 'આપણો સંવાદ' (07/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની વિશેષ ઉજવણીના ભાગરૂપે 'આપણો સંવાદ' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. 'Give To Gain' ના ઉમદા ભાવ સાથે આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ પોતપોતાના જીવનના પ્રેરણાદાયી અનુભવોની આપ-લે કરી હતી. પરસ્પરના સહયોગ અને સંવાદ દ્વારા સશક્તિકરણની દિશામાં આગળ વધવાના સંકલ્પ સાથે આ કાર્યક્રમ પ્રેરણાદાયી બની રહ્યો હતો.

## વિશેષ વ્યાખ્યાન: સરદાર પટેલ અને અમદાવાદ (09/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા "સરદાર-150" અંતર્ગત પ્રખ્યાત ઇતિહાસકાર ડૉ. રીઝવાન કાદરીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. કાદરીએ "સરદાર પટેલ અને અમદાવાદ" વિષય પર રસપ્રદ પ્રેઝન્ટેશન રજૂ કરી સરદાર સાહેબના જાહેર જીવનની શરૂઆત અને અમદાવાદ શહેરના વિકાસમાં તેમના પાયાના યોગદાન પર વિશદ પ્રકાશ પાડ્યો હતો. આ ઐતિહાસિક વારસાને જાણવા માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગિફ્ટ સિટી: યુવાનો માટે વ્યવસાયની નવી ક્ષિતિજો (18/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠના વ્યવસ્થાપન-વાણિજ્ય વિદ્યાશાખા તથા આઈ.સી.ટી. વિદ્યાશાખા દ્વારા સંયુક્ત રીતે "ગિફ્ટ સિટી અને IFSC : યુવાનો માટે વ્યવસાયની ઉત્કૃષ્ટ તકો" વિષય પર વિશેષ સત્ર યોજાયું હતું. મુખ્ય વક્તા શ્રી પ્રદીપ કે. મોદીએ યુવાનોને આ ક્ષેત્રમાં રહેલી અસીમ સંભાવનાઓ અને ભવિષ્યના આર્થિક ક્ષેત્રો વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સત્ર યુવા વિદ્યાર્થીઓ માટે કારકિર્દીના નવા દ્વાર ખોલનારું સાબિત થયું હતું.







## ઉત્સવો અને તહેવારોની ઉજવણી



**વિદ્યાપીઠ પરિસરમાં ધુળેટી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી (04/03/2026)**

**ગૂજરાત વિદ્યાપીઠમાં હોળી-ધુળેટીના પર્વની પરંપરાગત અને આત્મીય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે વિદ્યાર્થીઓ સાથે રંગોના આ પર્વમાં સહભાગી થઈને સૌનો ઉત્સાહ વધાર્યો હતો. વિદ્યાપીઠના પરિવાર ભાવને મજબૂત કરતા આ પર્વમાં વિદ્યાર્થીઓએ પરસ્પર સ્નેહ અને ઉમંગ સાથે ધુળેટીની ઉજવણી કરી હતી.**

### પર્યાવરણ જતન: 'શિવ વૃક્ષ મિત્ર' અભિયાનનો પ્રારંભ (05/03/2026)

કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણના જન્મદિવસને 'પ્રેમ-સેવા સંકલ્પ દિવસ' તરીકે ઉજવતા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી દ્વારા વૃક્ષારોપણનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ખેડૂતોને 'શિવ વૃક્ષ મિત્ર' બનીને એક છોડ ઉછેરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. વૃક્ષો માત્ર પર્યાવરણની સેવા નથી પરંતુ જમીનનો ભેજ સંગ્રહી ખેડૂતોને આર્થિક ટેકો પણ આપે છે. અંભેટી KVK દ્વારા ધરતીને પુનઃ હરિયાળી બનાવવાના મક્કમ નિર્ધાર સાથે આ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી.

## અન્ય પ્રવૃત્તિઓ

### કમ્પ્યુટર વિજ્ઞાન વિભાગ માટે સુવર્ણ ચંદ્રકની જાહેરાત (02/03/2026)

MCA અભ્યાસક્રમમાં પ્રથમ ક્રમે આવનાર તેજસ્વી વિદ્યાર્થીને સુવર્ણ ચંદ્રક એનાયત કરવા માટે 'સ્નાતક સંઘ' દ્વારા રૂ. 5 લાખનું ઉદાર દાન આપવામાં આવ્યું છે. છેલ્લા 36 વર્ષોમાં વિભાગ માટે પ્રથમવાર જાહેર થયેલો આ સુવર્ણ ચંદ્રક વિદ્યાપીઠની શૈક્ષણિક શ્રેષ્ઠતા અને પરંપરાને નવી ઊર્જા પૂરી પાડશે. આ ઉમદા પહેલ બદલ વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળ, સ્નાતક સંઘ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### પ્રાકૃતિક ખેતી અંતર્ગત બીજામૃત નિર્માણની તાલીમ (02/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), અંભેટી દ્વારા મોટાપોંઢા અને ફુલવાડી ગામના ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપતો એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અંદાજે 50 જેટલા ખેડૂત ભાઈ-બહેનોને ઉનાળુ મગના પાકમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે 'બીજામૃત' અને 'બીજ ઉપચાર પદ્ધતિ'ની પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી. ગાયનું ગોબર, ગૌમૂત્ર અને ચૂનાના મિશ્રણથી જાતે જ બીજામૃત બનાવી ઓછા ખર્ચે ગુણવત્તાયુક્ત ખેતી કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### કોર્પોરેટ નેતૃત્વ અને માનસિક સુખાકારી માટે ત્રિ-દિવસીય કાર્યકારી શિબિર (11/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠના 'વ્યાવસાયિક સજ્જતા મંદિર' દ્વારા પાવર ગ્રિડના અધિકારીઓ માટે 'આવાસીય કોર્પોરેટ કલ્યાણ અને નેતૃત્વ વિકાસ' વિષયક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિ-દિવસીય શિબિરમાં સહભાગીઓએ યોગ અને સચેતનતાપ્રાણાયામ દ્વારા માનસિક સ્પષ્ટતા અને તણાવ પ્રબંધનના પાઠ શીખ્યા હતા. કાર્યક્રમના અંતિમ દિવસે માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ સાથેના પ્રેરણાદાયી સત્ર સાથે તાલીમ પૂર્ણ થઈ હતી.

### નારી સશક્તિકરણ અને જ્ઞાનના ઉત્સવ સમાન ગ્રંથ પ્રદર્શન (07/03/2026)

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પૂર્વસંધ્યાએ નારી સશક્તિકરણના સંદેશ સાથે આયોજિત વિશેષ ગ્રંથ પ્રદર્શન આજે સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. જ્ઞાનના આ ઉત્સવમાં વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પુસ્તકોના માધ્યમથી વિચાર ક્રાંતિ ફેલાવવાના આ પ્રયાસમાં સહયોગ આપનાર સૌ સાહિત્યપ્રેમીઓનો આભાર માનવામાં આવ્યો હતો.







## દાંડીકૂચ સ્મૃતિ દિવસની ઉજવણી અને ઐતિહાસિક પદયાત્રા (12/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠમાં 12 માર્ચ, 2026ના રોજ 97મો દાંડીકૂચ સ્મૃતિ દિવસ ઉજવાયો. કાર્યક્રમની શરૂઆત સવારે સાબરમતી આશ્રમ ખાતે પૂજ્ય બાપુની પ્રતિમાને સૂતરની આંટી અર્પણ કરીને થઈ, જ્યાં કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું. આ ઐતિહાસિક યાત્રામાં વિદ્યાપીઠના વિદ્યાર્થી-શિક્ષકો ઉપરાંત 'રાષ્ટ્ર જાગરણ પ્રતિષ્ઠાન' મારફતે અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. યાત્રાનું સમાપન પ્રાણજીવન વિદ્યાર્થી ભવન ખાતે થયું, જે 1930ની મૂળ દાંડીયાત્રાનો પ્રથમ પડાવ હતો. આ અવસરે યાત્રિકોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને "ઐતિહાસિક દાંડીકૂચ" નામક વિશેષ પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું. આ સાથે સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા દાંડીકૂચ વિષય પર વિશેષ વાર્તાલાપનું આયોજન પણ કરવામાં આવ્યું.



## સ્વચ્છ અને હરિત વિદ્યાલય રેટિંગમાં નોંધપાત્ર સિદ્ધિ (13/03/2026)

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયની "સ્વચ્છ અને હરિત વિદ્યાલય રેટિંગ 2025-26" પહેલ હેઠળ શાળાઓમાં સ્વચ્છતા, આરોગ્ય અને પર્યાવરણીય સ્થિરતા પ્રોત્સાહિત કરવા માટે વ્યાપક મૂલ્યાંકન કરવામાં આવે છે. આ નવી પહેલ પૂર્વના સ્વચ્છ વિદ્યાલય પુરસ્કારનું સ્થાન લે છે અને 60 સૂચકો આધારિત ડિજિટલ માળખા દ્વારા NEP 2020 તથા Mission LiFE સાથે સુસંગત છે. આ પ્રક્રિયામાં ગૂજરાત કુમાર વિનય મંદિર અને ગૂજરાત વિનય મંદિરએ ભાગ લઇ ચાર તારા (4 સ્ટાર) રેટિંગ પ્રાપ્ત કરી, જે સંસ્થાની ગુણવત્તાસભર શિક્ષણ અને સ્વચ્છતા પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.




## વિવિધ સમિતિઓની મહત્ત્વપૂર્ણ બેઠકો (13/03/2026)

આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં ગૂજરાત વિદ્યાપીઠની 'વિનય મંદિર પરામર્શદાત્રી સમિતિ', 'વિકાસ' (વિશ્વકર્મા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૌશલ એન્ડ સ્વાવલંબન) સમિતિ, 'ભવન અને નિર્માણ સમિતિ' તથા 'મિશન LiFE' સમિતિની મહત્ત્વપૂર્ણ બેઠકો યોજાઈ. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ શ્રી સુરેશભાઈ રામાનુજ, શ્રી દિલીપભાઈ ઠાકર તેમજ શ્રી મગનભાઈ પટેલ (અધ્યક્ષ, ઓલ ઇન્ડિયા MSME ફેડરેશન), શ્રી નિખિલભાઈ પટેલ (અધ્યક્ષ, ITI કુબેરનગર), શ્રી રાકેશ કુમાર (રાજ્ય જોડાણ અધિકારી, NSDC) અને ડૉ. જાનકી શાહ (CEE) સહિતના નિષ્ણાતોએ સંસ્થાના સર્વાંગી વિકાસ માટે પોતાના કિંમતી સૂચનો રજૂ કર્યા.



## ICMR-NIOH સાથે સમજૂતી કરાર દ્વારા સંશોધન સહકાર (16/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠ અને ICMR-NIOH (ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ - નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ) વચ્ચે મહત્ત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ સહકારનો મુખ્ય હેતુ સંયુક્ત સંશોધન, ગ્રામ્ય વ્યાવસાયિક આરોગ્ય અને સામુદાયિક જનસંપર્ક કાર્યક્રમો દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો છે. ગાંધીવાદી મૂલ્યો અને આધુનિક આરોગ્ય વિજ્ઞાનના આ સંગમથી સંશોધન અને વિકાસના નવા માર્ગ ખુલવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

## શબ્દ અને સંસ્કારનો સંગમ: કોશ સલાહકાર સમિતિની બેઠક (16/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠમાં કોશ સલાહકાર સમિતિની બીજી બેઠકનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલપતિ ડૉ. હર્ષદ પટેલે પદ્મશ્રી રતિલાલ બોરીસાગરનું વિશેષ સન્માન કર્યું હતું. બેઠકમાં ગુજરાતી ભાષાના આધુનિકીકરણ, જોડણીના વિવિધ પાસાઓ અને ટેકનિકલ શબ્દોની પસંદગી અંગે

તજજ્ઞો દ્વારા ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ અવસરે અરવિંદ ભાંડારી, કુમારપાળ દેસાઈ અને મણિલાલ હ. પટેલ જેવા મૂર્ધન્ય સાહિત્યકારોએ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### આંગણવાડી કાર્યકર બહેનોની જોબ તાલીમનું સફળ સમાપન (20/03/2026)

સાદરા અને રાંધેજા કેન્દ્રો ખાતે પંચમહાલ અને આણંદ જિલ્લાની કુલ 174 આંગણવાડી કાર્યકર બહેનો માટે આયોજિત જોબ તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મુખ્ય સેવિકાઓ અને તાલીમ સ્ટાફની હાજરીમાં બહેનોએ પોતાના ક્ષેત્રના અનુભવો અને પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.

### વિદ્યાપીઠના વહીવટી મંડળોની મહત્ત્વની બેઠકો (20/03/2026)

કુલપતિ ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષ સ્થાને ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભા, નાણાકીય સમિતિ અને કાર્યકારી પરિષદની મહત્ત્વપૂર્ણ બેઠકો યોજાઈ હતી. આ બેઠકોમાં સંસ્થાના શૈક્ષણિક અને વહીવટી ઉત્કર્ષ માટે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

### વારસાનું દર્શન અને કુલપતિશ્રી સાથે સંવાદ (20/03/2026)

શ્રીમતી એમ.એમ. શાહ કોલેજના 80 વિદ્યાર્થીઓ અને 3 પ્રોફેસરોએ ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત લઈ અહીંના ભવ્ય ઇતિહાસને માણ્યો હતો. સંગ્રહાલય અને પુસ્તકાલયના ભ્રમણ બાદ વિદ્યાર્થીઓએ કુલપતિ ડૉ. હર્ષદ પટેલ સાથે પ્રેરણાદાયી સંવાદ કર્યો હતો, જે તેમના માટે એક અવિસ્મરણીય શૈક્ષણિક અનુભવ બની રહ્યો હતો.

### યુવા પ્રતિભાનું પ્રદર્શન: Odoo x ગૂજરાત વિદ્યાપીઠ હેકાથોન'26 (22/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠ અને Odoo ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'Hackathon'26' ઉત્સાહભેર સંપન્ન થઈ. 7 રાજ્યોની 68 ટીમોના 150થી વધુ સ્પર્ધકોએ 24 કલાક સતત કોડિંગ કરીને પોતાની તકનીકી કુશળતા સાબિત કરી હતી. વિજેતાઓને કુલ ₹1,05,000 ના પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

### પરંપરા અને આધુનિકતાનો સમન્વય: દિલ્હીમાં 'ખાદીસૂત્ર' (28/03/2026)

સૂતરના દરેક તાંતણે કૃતજ્ઞતા અને વણાટના દરેક વળાંકમાં આત્મજાગૃતિનો અનોખો ભાવ છુપાયેલો છે. ઇન્ટરનેશનલ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ, દિલ્હી ખાતે આયોજિત 'ખાદીસૂત્ર' કાર્યક્રમ દ્વારા પરંપરા અને આધુનિકતાનો અદભૂત સંગમ જોવા મળ્યો હતો. ખાદી માત્ર વસ્ત્ર નથી, પણ વિચાર અને સ્વાવલંબનનું પ્રતીક છે, તે ભાવ આ આયોજન દ્વારા નવી પેઢી સુધી પહોંચાડવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.



















### વિવેચક રમણલાલ જોશીની જન્મશતાબ્દી નિમિત્તે વિશેષ સંગોષ્ઠી (09/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠનો ગુજરાતી વિભાગ અને સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે પ્રખર વિવેચક રમણલાલ જોશીની જન્મશતાબ્દી નિમિત્તે એક વિશેષ સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનેક સાહિત્યકારોની ઉપસ્થિતિમાં રમણલાલ જોશીના સાહિત્યિક પ્રદાનને યાદ કરી તેમને ભાવભીની અંજલિ અર્પવામાં આવી હતી, જેમાં તેમના વિવેચન કાર્યની ગહનતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે રમણલાલ જોશીના સ્વજનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે અધ્યાપક મહેશ જાદવના પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### ફોરેન્સિક એકાઉન્ટિંગ અને ફ્રોડ મેનેજમેન્ટ પર કાર્યશાળા (09/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠના વાણિજ્ય વિભાગ (પ્રબંધ સંકાય) દ્વારા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના સહયોગથી 'ફોરેન્સિક એકાઉન્ટિંગ અને ફ્રોડ મેનેજમેન્ટ' વિષય પર કાર્યશાળા યોજાઈ હતી. ડૉ. મુકુંદ પુરોહિતે સાયબર ફ્રોડના પ્રકારો અને તેનાથી બચવાના ટેકનિકલ પાસાઓ વિશે ઉપયોગી માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વાણિજ્ય, એમ.બી.એ. અને માનવ સંસાધન પ્રબંધનના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### સાહિત્ય અને સમાજ: વિશેષ તજજ્ઞ વ્યાખ્યાન શ્રેણી (14/03/2026)

અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠના સમાજશાસ્ત્ર અને ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે એક વિશેષ તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં જાણીતા વક્તા ડૉ. દર્શના ધોળકિયાએ 'સર્જક સાથે સંવાદ' અને ડૉ. રમજાન હસણિયાએ 'સાહિત્ય અને સમાજ' વિષય પર પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યા હતા. સાહિત્યને સમાજનું દર્પણ ગણાવી વિદ્યાર્થીઓને સાહિત્યિક અને સામાજિક સંબંધોને ઊંડાણપૂર્વક સમજવાની તક પૂરી પાડવામાં આવી હતી.

### અનુવાદ કાર્યશાળાનું સફળ સમાપન (17/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'અનુવાદ: સિદ્ધાંત અને પ્રયોગ' વિષય પર આયોજિત દ્વિ-દિવસીય કાર્યશાળાનું સફળ સમાપન થયું. કાર્યશાળાએ ભાષાંતરના વિવિધ પાસાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી અને ભાગ લેનારાઓને પ્રાયોગિક અનુભવ આપ્યો હતો.

### વિજ્ઞાન અને સામાજિક ઉત્તરદાયિત્વ પર રાષ્ટ્રીય સંગોષ્ઠી (24/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠના માઇક્રોબાયોલોજી વિભાગ દ્વારા 'વિજ્ઞાન, સ્થિરતા અને સામાજિક ઉત્તરદાયિત્વ' વિષય પર

રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક વિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં સમાજ અને પર્યાવરણને વધુ બહેતર બનાવવાની દિશામાં આ એક સરાહનીય પહેલ સાબિત થઈ, જેમાં વૈજ્ઞાનિક અભિગમ સાથે સામાજિક જવાબદારી પર ભાર મૂકવામાં આવ્યો હતો.

**સતત અને હરિત એકાઉન્ટિંગ પર રાષ્ટ્રીય સંમેલન (27/03/2026)**

વાણિજ્ય વિભાગ દ્વારા 'સતત, હરિત અને જવાબદાર લેખાંકન' (Sustainable, Green, and Responsible Accounting) વિષય પર સફળ રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં વાણિજ્ય, શાસન અને વિકાસના એકીકરણ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. વ્યવસાય અને પર્યાવરણીય વિકાસ વચ્ચે સંતુલન જાળવવા માટેના મહત્ત્વના વિચારો અને નૂતન આયામો નિષ્ણાતો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

**ટકાઉ આહાર અને સામુદાયિક સ્વાસ્થ્ય પર રાષ્ટ્રીય સેમિનાર (28/03/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના ફૂડ એન્ડ ન્યુટ્રિશન વિભાગ દ્વારા "સસ્ટેઈનેબલ ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી હેલ્થ" વિષય પર એક વિશેષ રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં, પરંપરાગત આહાર પદ્ધતિઓ અને આધુનિક વિજ્ઞાનના સમન્વય દ્વારા જાહેર આરોગ્યને વધુ સુદઢ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સેમિનાર દરમિયાન નિષ્ણાતોએ ટકાઉ આહાર પ્રણાલીઓ અને સમાજના સ્વાસ્થ્ય પર તેની અસરો વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**ભારતીય જ્ઞાન પરંપરા અને સાંસ્કૃતિક ચેતના પર દ્વિ-દિવસીય સમારોહ (28-29/03/2026)**

ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના સંયુક્ત ઉપક્રમે "મહર્ષિ પતંજલિ: ભારતીય જ્ઞાન પરંપરા અને સાંસ્કૃતિક ચેતના" વિષય પર બે દિવસીય વિશેષ સમારોહનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા ભારતીય સંસ્કૃતિના પાયા સમાન પતંજલિના જ્ઞાન અને વિરાસતને આધુનિક સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રીય કક્ષાના આયોજનમાં વિવિધ વિદ્વાનોએ સંસ્કૃત ભાષા અને યોગશાસ્ત્રના માધ્યમથી સાંસ્કૃતિક ચેતનાના જાગરણ અંગે ઊંડાણપૂર્વક વિચારો રજૂ કર્યા હતા.










## કૌશલ્યથી કારકિર્દી તરફ







**મીડિયા ક્ષેત્રે કારકિર્દીની તક: TV9 ગુજરાતી દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટ (14/03/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના પ્લેસમેન્ટ સેલ દ્વારા આયોજિત 'કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવ' હેઠળ જાણીતી ન્યૂઝ ચેનલ TV9 ગુજરાતી દ્વારા ઇન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પત્રકારત્વ અને મીડિયા ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ આ પ્રક્રિયામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પહેલ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની વ્યાવસાયિક કુશળતા દર્શાવવાની અને પ્રતિષ્ઠિત સંસ્થામાં સીધી નોકરી મેળવવાની અમૂલ્ય તક સાંપડી હતી.

**શિક્ષણ જગતમાં નવી ક્ષિતિજો: સંત કબીર સ્કૂલ દ્વારા કેમ્પસ ઇન્ટરવ્યુ (27/03/2026)**

ગૂજરાત વિદ્યાપીઠના પ્લેસમેન્ટ સેલના માધ્યમથી અમદાવાદની વિખ્યાત સંત કબીર સ્કૂલ દ્વારા શિક્ષણ વિભાગના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવિ શિક્ષકોએ સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે ઇન્ટરવ્યુમાં ભાગ લઈ પોતાની શૈક્ષણિક સમજ અને વર્ગખંડ સંચાલનના કૌશલ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે રહેલી વિવિધ કારકિર્દીની સંભાવનાઓ અને વ્યવહારુ અનુભવ મેળવવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું હતું.

## પ્રવાસ: એક પાઠશાળા



**વિધાનસભા અને ગાંધીસ્મૃતિની શૈક્ષણિક મુલાકાત (10/03/2026)**

સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે એક વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ગુજરાત વિધાનસભાના જીવંત સત્રને નિહાળીને રાજ્યની લોકશાહી પ્રક્રિયા અને સંસદીય કાર્યપ્રણાલીનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. ત્યારબાદ, દાંડી કુટીર અને મહાત્મા મંદિરની મુલાકાત દ્વારા પૂજ્ય બાપુના જીવનપ્રવાસ અને સત્યાગ્રહના સંઘર્ષો વિશે ગહન માહિતી મેળવી પ્રેરણા પ્રાપ્ત કરી હતી. જ્ઞાન અને મૈત્રીના સંગમ સમાન આ પ્રવાસ સૌ વિદ્યાર્થીઓ માટે સંસ્મરણીય બની રહ્યો.

## વારસાની ઝલક સાથેનો શૈક્ષણિક અનુભવ (17/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠના B.Ed. સેમેસ્ટર 4ના વિદ્યાર્થીઓએ અમદાવાદના ભવ્ય વારસાને નજીકથી જાણવાનો અને અનુભવાનો અવસર મેળવ્યો. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ શહેરની ઐતિહાસિક અને સાંસ્કૃતિક સમૃદ્ધિને નવી દૃષ્ટિએ નિહાળી, જે તેમની શૈક્ષણિક યાત્રામાં એક મહત્ત્વપૂર્ણ કડી બની.



## સાયન્સ સિટીનો શૈક્ષણિક પ્રવાસ (24/03/2026)

B.Ed. સેમેસ્ટર 2ના ગણિત અને વિજ્ઞાન વિષયના તાલીમાર્થીઓએ 'સાયન્સ સિટી, અમદાવાદ'નો શૈક્ષણિક પ્રવાસ કર્યો. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ પુસ્તકોમાં અભ્યાસ કરેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને વાસ્તવિક અનુભૂતિ સાથે જોડવાનો અવસર મેળવ્યો.

## ઇતિહાસના જીવંત પાઠ સાથેનો અભ્યાસ પ્રવાસ (25/03/2026)

ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગના 11 વિદ્યાર્થીઓએ ડૉ. વિક્રમસિંહ અમરાવતના માર્ગદર્શન હેઠળ મધ્યપ્રદેશના ઐતિહાસિક સ્થળોની શૈક્ષણિક યાત્રા કરી. ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરથી લઈને સાંચીના સ્તૂપ, ભીમબેટકાના શૈલચિત્રો અને ભોપાલના અને ભોપાલના સંગ્રહાલય સુધીની મુલાકાતોએ વિદ્યાર્થીઓને પ્રાચીન ભારતની સમૃદ્ધ વારસાની નજીકથી ઓળખ આપી.



## વડનગરના ઐતિહાસિક વારસાનો શૈક્ષણિક પ્રવાસ (28/03/2026)

ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા વડનગરના ભવ્ય ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાના પ્રત્યક્ષ પરિચય અર્થે એક વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં એમ.એ. સેમેસ્ટર 2 અને 4 ના વિદ્યાર્થીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક જોડાઈને પ્રાચીન સ્થાપત્યો અને વડનગરના ગૌરવશાળી ઇતિહાસનું ઊંડાણપૂર્વક અવલોકન કર્યું હતું. આ પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકિયા જ્ઞાનની સાથે ક્ષેત્ર કાર્ય દ્વારા ઐતિહાસિક પરિપ્રેક્ષ્યને સમજવાની અમૂલ્ય તક સાંપડી હતી.

## પ્રવેશ પર્વ

### Admissions: હિન્દી ભાષાનો પ્રસાર, સંસ્કારનો વિસ્તાર!

હિન્દી પ્રચાર સમિતિ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત વિવિધ સ્તરની પરીક્ષાઓ માટેના આવેદનપત્ર હવે ઉપલબ્ધ છે.

- ઓનલાઇન અરજીની મુદત: 15 એપ્રિલ, 2026 સુધી
- પરીક્ષાની તારીખ: 25 અને 26 એપ્રિલ, 2026
- વધુ વિગત માટે મુલાકાત લો: www.gujaratvidyapith.org

આવો, રાષ્ટ્રભાષાના પ્રચારમાં સહભાગી બનીએ.



## કેળવણી દ્વારા ચારિત્ર્ય નિર્માણ: પ્રવેશ 2026

ગાંધીવાદી મૂલ્યો અને આધુનિક કૌશલ્યોના સમન્વય સાથે શ્રેષ્ઠ કારકિર્દી બનાવવા માટે ગૂજરાત વિદ્યાપીઠ આપનું સ્વાગત કરે છે.

અભ્યાસક્રમોની શ્રેણી:

- સ્નાતક (UG) | અનુસ્નાતક (PG)
- પી.જી. ડિપ્લોમા | પીએચ.ડી. (Ph.D.)
- છેલ્લી તારીખ: 08/05/2026
- સંપર્ક સૂત્ર:
    - admission2026@gujaratvidyapith.org
    - www.gujaratvidyapith.org
    - "મૂલ્યનિષ્ઠ શિક્ષણ, ઉજ્જવળ ભવિષ્ય"







### 4-સ્ટાર રેટિંગ ધરાવતી પ્રકૃતિમય શાળામાં આપનું સ્વાગત છે!

શિક્ષણ મંત્રાલય દ્વારા 'સ્વચ્છ અને હરિયાળા વિદ્યાલય' તરીકે સન્માનિત ગૂજરાત વિદ્યાપીઠની શાળામાં નવા શૈક્ષણિક સત્ર માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

પ્રવેશ પ્રક્રિયાની વિગત (30/03/2026):

- સ્થળ: આચાર્ય કૃપલાણી ભવન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- સમય: સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ (રૂબરૂ મુલાકાત માટે)

# આગામી કાર્યક્રમો

## એપ્રિલ ૨૦૨૬

| | |
|---|---|
| 10-11 April | 36મો વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ 2025-26 |
| 25 April | કારકિર્દી માર્ગદર્શન સેમિનાર |



# ઘેરૈયાનો ઘેરો – વેણીભાઈ પુરોહિત

ચકલામાં ચેતીને ચાલો, નવાઈલાલ! હોળીનો પૈસો આલો, નવાઈલાલ!

આજે છે રંગ રંગ હોળી, નવાઈલાલ! આવી ઘેરૈયાની ટોળી, નવાઈલાલ!

ખાવાં છે સેવ ને ધાણી, નવાઈલાલ! દાણ માગે છે દાણી, નવાઈલાલ!

આવ્યાં નિશાળિયા દોડી, નવાઈલાલ! શાહીની શીશીઓ ઢોળી, નવાઈલાલ!

ઝાલી છે હાથમાં ઝોળી, નવાઈલાલ! સિકલ તમારી છે ભોળી, નવાઈલાલ!

જૂની પોતડી પહેરી, નવાઈલાલ! લાગો છો રસિયા લ્હેરી, નવાઈલાલ!

ભારે હિમ્મત તમે લીધી, નવાઈલાલ! ભાભીએ કિમ્મત કીધી, નવાઈલાલ!

ઊંધી તે પ્હેરી ટોપી, નવાઈલાલ! હસશે ગામની ગોપી, નવાઈલાલ!

ચશ્માની દાંડી વાંકી, નવાઈલાલ! આંખોની આબરૂ ઢાંકી, નવાઈલાલ!

ચાલોને ઘેરમાં ફરશું, નવાઈલાલ! નદીએ નાવણિયાં કરશું, નવાઈલાલ!

કોરા રહેવાની વાત મૂકો, નવાઈલાલ! આજે દિવસ નથી સૂકો, નવાઈલાલ!

મૂછોમાં બાલ એક ધોળો, નવાઈલાલ! કાળા કલપમાં બોળો, નવાઈલાલ!

કૂવાકાંઠે તે ના જાશો, નવાઈલાલ! જાશો તો ડાગલા થાશો, નવાઈલાલ!

આજે સપરમો દા'ડો, નવાઈલાલ! લાવો ફાગણનો ફાળો, નવાઈલાલ!

ચકલામાં ચેતીને ચાલો, નવાઈલાલ! હોળીનો પૈસો આલો, નવાઈલાલ!

વેણીભાઈ પરોહિત

